



નિવૃત્ત શિક્ષક હરિલાલ વસાવાએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી, સ્થાનિક સ્તરે અસરકારક અમલ માટે અનુરોધ

# સૌ ભણેના દાવા રહેવા દો: ચિકદામાં 45 બાળક શાળાનું પગથિયું જ ચઢ્યાં નથી!

**'સમરસ વિદ્યાસેતુ' અભિયાનના અસરકારક અમલ અને સમયદાન થકી બાળકોને અક્ષરજ્ઞાન આપવા અનુરોધ**


**ભટકતું જીવન અને રહેઠાણના વિવાદ વચ્ચે અક્ષરજ્ઞાનની આશ, ગ્રામજનોની શાસન પર મીટ મંડાઈ**

ચિકદા: નવા બનેલા ચિકદા તાલુકાના તુંબડાવાડી સહિતના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ કેટલાક પરિવારો શિક્ષણની મુખ્ય ધારાથી વંચિત છે. ખાડી-કોતરોમાં ભટકતું જીવન અને રહેઠાણના વિવાદને કારણે અહીંના લગભગ 45 બાળક ક્યારેય શાળાનું પગથિયું ચઢ્યાં નથી.

આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈને શિક્ષણના જીવ અને નિવૃત્ત શિક્ષક હરિલાલ જી. વસાવાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું કે, આજનું બાળક જો શિક્ષણથી વંચિત રહેશે તો તે આવતીકાલનાં અંધકાર સાથે જીવવા માટે મજબૂર બનવું પડશે. આવાં વંચિત બાળકોને શાળા સાથે જોડવા માટે રાજ્ય સરકારે 'સમરસ વિદ્યાસેતુ' અભિયાન શરૂ કર્યો છે. જે બિરદાવવાલાયક છે. આ અભિયાનનો સ્થાનિક સ્તરે અસરકારક અમલ કરવા માટે મુખ્યમંત્રીને અનુરોધ કર્યો છે.

શિક્ષણના ક્ષેત્રમાં સમયદાનની ભાવનાનો ઉલ્લેખ કરતા નિવૃત્ત શિક્ષકે યાદ કરાવ્યું કે, વર્ષ-2009માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના નાગરિકોને રાષ્ટ્ર માટે સમયદાન આપવા એક ટહેલ નાંખી હતી. અમે સૌએ ડેડિયાપાડા તાલુકાના પીપલા કંકાલા પ્રાથમિક શાળામાં યોજાયેલા વાલીદિન અને માતૃદિન કાર્યક્રમમાં શાળાને દત્તક લેવાની જાહેરાત કરતા સૌએ આવકાર્યા હતા.

હવે તા.26મી જાન્યુઆરી, 2026ના રાષ્ટ્રીય પર્વે ચિકદા તાલુકાની જામની પ્રાથમિક શાળામાં સમયદાન આપવાની શરૂઆત કરવામાં આવી છે. નિવૃત્ત શિક્ષકે જણાવ્યું કે, ચિકદા તાલુકાનાં અંતરિયાળ ગામોમાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે એ માટે ઉજ્જવળ ભવિષ્ય માટે આપનો અભિગમ વિશેષ ઝુંબેશ ચલાવવા અનુરોધ કર્યો છે. આ મુદ્દે હવે આદિવાસી પટ્ટામાં વંચિત બાળકોને અભ્યાસમાં જોડવા માટેના નક્કર પગલાં માટે કેવાં પગલાં ભરે એના પર સૌ ગ્રામજનોની મીટ મંડાયેલી છે. આ રજૂઆતની નકલ રાજ્યના શિક્ષણ વિભાગ, નર્મદા વહીવટી તંત્ર અને નર્મદા DPEOને પણ મોકલવામાં આવી છે.



# ઝારખંડમાં લાઠીચાર્જ સામે ભરૂચમાં વિદ્યાર્થીઓનું ઉગ્ર વિરોધ પ્રદર્શન

**ભરૂચમાં** અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો સૂત્રોચ્ચાર



ભરૂચ: ઝારખંડમાં JPSC અને JSSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિ અને અનિયમિતતાના આક્ષેપો વચ્ચે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હોવાના વિરોધમાં ગુરુવારે ભરૂચમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ છેલ્લા 20 દિવસથી 'JPSC-JSSC Reforms Manch'ના બેનર હેઠળ વિદ્યાર્થીઓ ગેરરીતિની સીબીઆઇ તપાસ અને પરીક્ષા રદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે. 10 ઓગસ્ટના રોજ વિધાનસભા ઘેરાવ માટે આગળ વધી રહેલા પ્રદર્શનકારીઓ પર પોલીસે લાઠી, વોટર કેનન અને આંસુગેસનો ઉપયોગ કરીને હુમલો કર્યો હતો. આ ઘટના બાદ 11 ઓગસ્ટે પણ ABVPના વિરોધ માર્ચ દરમિયાન પોલીસે ફરી લાઠીચાર્જ કર્યો હોવાના અહેવાલો છે, જેમાં ઘણા કાર્યકરોને ઈજા થઈ હોવાનું કહેવાય છે. ઈજા થયેલા કાર્યકરોમાં વિદ્યાર્થિનીઓનો પણ સમાવેશ થાય છે. આ સમગ્ર ઘટનાના વિરોધમાં ભરૂચ ABVPના કાર્યકરો અને વિદ્યાર્થીઓ GEC કોલેજની સામે એકત્ર થયા હતા. કાર્યકરોએ ઝારખંડ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિદ્યાર્થીઓ પર થયેલા કથિત પોલીસ દમનનો તીવ્ર વિરોધ નોંધાવ્યો અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ABVP એ ઝારખંડ સરકાર પર પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા તેમજ કથિત ગેરરીતિની નિષ્પક્ષ તપાસ માટે સીબીઆઇ (CBI) ચકાસણી કરાવવાની માંગ કરી છે. ABVPના રાષ્ટ્રીય મહાસચિવ વિરેન્દ્રસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના અવાજને લાઠીચાર્જ અને ધરપકડથી દબાવી શકાતો નથી. સરકારે ગેરરીતિમાં સામેલ લોકો સામે સખત કાર્યવાહી કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, જો CBI તપાસની માંગ ન માનવામાં આવે તો ABVP દેશભરની 1,200થી વધુ યુનિવર્સિટીઓ અને દરેક જિલ્લામાં તબક્કાવાર આંદોલન કરશે.

# અંકલેશ્વરમાં ઝાડની ડાળી સાથે કાર પર થાંભલો પડ્યો, ચાલકનો બચાવ

**અંડરગ્રાઉન્ડ** કેબલનું કામ પૂર્ણ થયા બાદ વાયરો કાપતાં લોખંડના બે વીજપોલ ધરાશાયી


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના પ્રતિન વિસ્તારમાં વીજ વિભાગના કર્મચારીઓની કથિત ઘોર બેદરકારી સામે આવી હતી. અંડરગ્રાઉન્ડ કેબલ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ જૂના લોખંડના વીજપોલ પરથી વીજ વાયરોનું કટિંગ કરવાની કામગીરી દરમિયાન એક પછી એક બે વીજપોલ ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રતિન વિસ્તારમાં આવેલી મહાશિવ હોટલ નજીક વીજપોલ અચાનક ઝાડની ડાળી સાથે ધરાશાયી થઈ પાર્કિંગમાં ઊભેલી એક કાર પર પટકાયો હતો. સદનસીબે કારમાં બેઠેલા ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો, પરંતુ લોખંડનો ભારે વીજપોલ કાર પર પડતાં વાહનને મોટું નુકસાન થયું હતું.

બીજી તરફ પ્રતિન હોટલ નજીક પણ એક લોખંડનો વીજપોલ ધરાશાયી થયો હતો. ભરચક વિસ્તારમાં વીજપોલ ધરાશાયી થતાં લોકોમાં નાસભાગ અને ભયનો માહોલ સર્જાયો હતો.

અંડરગ્રાઉન્ડ કેબલનું કામ પૂર્ણ થયા બાદ જૂના વીજપોલ અને વાયરો દૂર કરવાની કામગીરીમાં જરૂરી તકેદારી રાખવામાં આવી હતી કે નહીં તેવો સવાલ પણ ઊઠ્યો છે. વીજ વિભાગની કામગીરી દરમિયાન જ વીજપોલ ધરાશાયી થઈને વાહનને નુકસાન થવાની ઘટના સામે આવતાં GEBની કામગીરીની ગુણવત્તા અને સલામતી વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સદનસીબે બંને ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જો આ જ વીજપોલ કોઈ રાહદારી કે દ્વિચક્રી વાહનચાલક પર પડ્યો હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. સમગ્ર મામલે જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી થશે કે પછી ફરી એક વખત તંત્ર પોતાની બેદરકારી પર ઢાંકપિછોડો કરશે તે જોવું રહ્યું.

## સંક્ષિપ્ત સમાચાર

### ઝાડેશ્વરની નર્મદા કોલેજની સિદ્ધિ



ભરૂચ: ઝાડેશ્વરની નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ (NCSC)ની મહિલા ચેસ ટીમે VNSGU આંતર-કોલેજ ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. રોફેલ કોલેજ-વાપી દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ૧૭ ટીમ વચ્ચે રમાયેલા ૬ રાઉન્ડના અંતે NCSC ટીમે સર્વાધિક ૯ પોઈન્ટ મેળવી પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો. ટીમની સફળતામાં પ્રાચી ગોહિલ, દમયંતી પરમાર, ઋષિકા ઉપાધ્યાય અને કોમલસિંહે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. રાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદ થયેલી VNSGUની છ ખેલાડીની ટીમમાં પ્રાચી ગોહિલે પ્રથમ અને દમયંતી પરમારે પાંચમું સ્થાન મેળવ્યું છે. કોલેજ પરિવારે આ સિદ્ધિ બદલ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ગણેશ ખાંડ ઉદ્યોગના કર્મચારીના અવસાન બાદ પરિવારને વીમા સહાય અર્પણ



ભરૂચ: ભરૂચના વટારીયાની ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.ના કર્મચારી સ્વ. જયેન્દ્રસિંહ ભૂપતસિંહ મહિડાનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું હતું. તેમના અવસાન બાદ ગણેશ સુગર કર્મચારી મંડળી દ્વારા કર્મચારીઓના હિતમાં લેવામાં આવેલી વીમા યોજના હેઠળ તેમના પરિવારને રૂ.૨,૪૦,૦૦૦નો વીમા સહાયક ચેક પ્રમુખ વિરેન્દ્રસિંહ મહીડાનાં હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. આ ચેક મંડળીના પ્રમુખ વિરેન્દ્રસિંહ મહીડાના હસ્તે પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મંડળીના અન્ય ડિરેક્ટરો અને સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### વિલાયત GIDC એસોસિએશને વાગરા પોલીસને બોલેરો જીપ અર્પણ કરી



ભરૂચ: ભરૂચના વિલાયત GIDC ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા વાગરા પોલીસ સ્ટેશનની કાયદા અને વ્યવસ્થાની કામગીરી વધુ અસરકારક બનાવવા માટે એક નવી બોલેરો જીપ ભેટ આપવામાં આવી છે. આ વાહન ઔદ્યોગિક વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ, કાયદાની દેખરેખ અને ગુનાખોરી અટકાવવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે. જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, DySP ડો.અનિલ સિસારા, PI એસ.એમ.ગોહિલ તેમજ એસોસિએશનના પ્રમુખ હરીશ જોશી, સેક્રેટરી ડો.મહેશ વશી, નિમેષ જાદવ, યોગેશ બોરોલે, અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. SP અક્ષયરાજ મકવાણાએ એસોસિએશનનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, આ સહયોગથી ઔદ્યોગિક સુરક્ષા વધશે અને પોલીસ-ઉદ્યોગ વચ્ચેનો સમન્વય વધુ મજબૂત બનશે.

### સાબરગામ કોલેજની વિદ્યાર્થિનીની આંતર યુનિવર્સિટી ચેસ સ્પર્ધામાં પસંદગી


દિપકસિંહ મહીડા

અંત્રોલી: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત અંતર કોલેજ ચેસ સ્પર્ધાનું આયોજન વાપીની રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા.10 ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં સાબરગામ કોલેજનો સમગ્ર ટુર્નામેન્ટમાં પાંચમો ક્રમ પ્રાપ્ત થયો હતો અને કોલેજની એમકોમ-પાર્ટ ૨ની વિદ્યાર્થિની રજની તિવારીની આંતર યુનિવર્સિટી ચેસ ટીમમાં પસંદગી થઈ છે. આ ટીમ જે.જે.ટી. યુનિવર્સિટી, Jhunjhunu (રાજસ્થાન) મુકામે રમવા જનાર છે. આ ટીમને કોચિંગ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના પ્રા. ડો.ઉજ્જવલ જોશીએ આપ્યું હતું. રજનીની આ સિદ્ધિ બદલ કોલેજના સમગ્ર ટ્રસ્ટીગણ, આચાર્ય ફાલ્ગુનીબેન ઠક્કર, જીમખાના અધ્યક્ષ ડો.મેહુલ ગાંધી તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન આપ્યાં હતાં.

### કડોદમાં નિ:શુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો


કેતન પટેલ, ચેતન ટેલર

કડોદ: કડોદ સેવાયજ્ઞ ટ્રસ્ટ દ્વારા આયોજિત અને તેજસ આંખની હોસ્પિટલ માંડવીના સૌજન્યથી તથા દામોદરદાસ ગાંધી હોસ્પિટલના સહયોગથી યોજાયેલા નિ:શુલ્ક નેત્રયજ્ઞના સ્પોન્સર તરીકે કડોદના વતની અને USA સ્થિત મયુરી મુકુલભાઇ ગાંધીએ સહયોગ આપ્યો હતો. ચાલુ વર્ષમાં આ ત્રીજો નેત્રયજ્ઞ યોજાયો હતો. જેના પરિણામે નેત્રયજ્ઞમાં 189 દર્દીએ લાભ મેળવ્યો હતો, જેમાંથી 35 દર્દીનાં મોતિયાના અને પડદા, ઝામર તથા અન્ય આંખની બીમારીનાં 11 ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવશે. 118 દર્દીને વિનામૂલ્યે નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દામોદરદસ ગાંધી હોસ્પિટલના સંચાલકો, કડોદના અગ્રણી મહાનુભાવોએ પ્રોત્સાહક હાજરી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપોદરામાં હત્યાનો આરોપી ઓરિસ્સાથી ઝડપાયો




હથોડા: પીપોદરા GIDCમાં બે મહિના પહેલાં સામાન્ય બાબતે મિત્ર જીતેન્દ્ર ઉર્ફે રાજુની હત્યા કરી ફરાર થઇ ગયેલા હત્યારાને પાલોદ પોલીસે ઓરિસ્સાથી ઝડપી લીધો છે. હત્યા બાદ આરોપી સુબાલા મુરલી ગૌડા (મૂળ રહે.,ઓરિસ્સા) પોલીસથી બચવા ભાગી છૂટ્યો હતો. પાલોદ પોલીસ મથકના કર્મચારી રવિભાઈ અને ભરતભાઈને બાતમી મળી હતી કે આરોપી ઓરિસ્સા ખાતે તેના ઘરે છુપાયો છે. આ માહિતીના આધારે પાલોદ પોલીસે તાત્કાલિક ઓરિસ્સા પહોંચી આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ઘલુડા ગામે કરંટ લાગતાં યુવાનનું મોત

પલસાણા: ઘલુડા ગામે ખેતરમાં GEBની વીજ લાઇનમાંથી અચાનક કરંટ લાગવાથી ૨૯ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક કલ્પેશભાઈ રમેશભાઈ રાઠોડ (રહે.,ઘલુડા, હળપતિવાસ) ૧૨ ઓગસ્ટના રોજ સીમના ખેતરમાં હતા ત્યારે કોઈ કારણસર જીવલેણ વીજ કરંટની ઝપેટમાં આવી ગયા હતા. નાના ભાઈ રાકેશ રાઠોડે આ અંગે જાણ કરતાં પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વાલોડના બુટવાડા ગામે દીપડો પાંજરે પુરાયો



વાલોડ: વાલોડ તાલુકાના બુટવાડા ગામે અવારનવાર નજરે પડતો અને પાલતુ પશુઓનો શિકાર કરતો દીપડો આખરે પાંજરે પુરાયો છે. ગ્રામજનોની રજૂઆત બાદ વનવિભાગના યોગેશ ચૌધરી દ્વારા માહ્યાવંશી ફળિયા નજીક પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે શિકારની લાલચે આશરે ૫થી ૬ વર્ષનો દીપડો પાંજરે પુરાતાં વનવિભાગે તેનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. દીપડો પકડાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

### આંબાવાડી ગામે પૂર્વ CRPF જવાનના ઘરે બ્રહ્મકમળ ખીલ્યું



વાંકલ: માંગરોળના આંબાવાડી ગામે રહેતા અને દેશની સેવા કરી નિવૃત્ત થયેલા પૂર્વ CRPF જવાન ભર ત ભાઈ ચૌધરીના ગૃહાંગણે દિવ્ય ગણાતું 'બ્રહ્મકમળ' ખીલી ઊઠતાં પરિવાર સહિત સમગ્ર ગામમાં હર્ષ અને આનંદનો માહોલ છવાઈ ગયો છે. બ્રહ્મકમળ ખીલ્યાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ પરિવારજનો, સગાં-સંબંધીઓ અને આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં તેને દર્શનાર્થે અને નિહાળવા માટે ઊમટી પડ્યા હતા.


મેહુલ પટેલ

# આંગલધરાની સનાતન કન્યા વિદ્યાલયની દીકરીઓ રમતોત્સવમાં ઝળકી

અનાવલ: અંબિકાના આંગલધરા સ્થિત શ્રી સનાતન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ તાજેતરમાં યોજાયેલા એસ.જી.એફ.આઈ. (SGFI) શાળાકીય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિવિધ રમતમાં શાળાની ૩૨ દીકરીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શાળાકીય રમતોત્સવમાં દોડ, ગોળાફેંક, ચક્રફેંક, કબડ્ડી તેમજ ખો-ખો જેવી વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું, જેમાં સનાતન કન્યા વિદ્યાલયની ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. વર્ગ-૧૭ (અંડર-૧૭) કબડ્ડી સ્પર્ધામાં શાળાની ટીમે તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વર્ગ-૧૪ દોડ સ્પર્ધામાં વ્રુત આર. હળપતિએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે વર્ગ-૧૪ ગોળાફેંક સ્પર્ધામાં રીયા એ. ઉધાર પ્રથમ ક્રમે રહી હતી. તેમજ વર્ગ-૧૭ ચક્રફેંક સ્પર્ધામાં સિદ્ધિ ચૌધરીએ શ્રેષ્ઠ થ્રો સાથે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ ઉમા માતેશ્વરી, શાળાના આચાર્ય અજયભાઈ પટેલ તથા સમગ્ર શિક્ષકગણે અભિનંદન પાઠવ્યાં હતાં.

# લખાલી ગામની શાળામાં ભાજપના બેનર હેઠળ કાર્યક્રમ થયાના આક્ષેપ

**જિલ્લા** શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત સાથે તપાસની માંગ

વ્યારા: વ્યારા તાલુકાની લખાલી સરકારી પ્રાથમિક શાળામાં શાળા સમય દરમિયાન ભાજપના બેનર હેઠળ નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો હોવાના આક્ષેપ સાથે જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્ય નિલેશ ગામીતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરી છે. રજૂઆત મુજબ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે ભાજપના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં શાળામાં કાર્યક્રમ યોજાયો હતો. શાળા પરિસરમાં પક્ષના બેનર, ખેસ તથા નેતાઓના ફોટા સાથે કાર્યક્રમ યોજવો શાળાની રાજકીય તટસ્થતાના સિદ્ધાંતો વિરુદ્ધ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

તાપી જિલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્ય નિલેશ ગામીતે કાર્યક્રમ કરવા માટે પૂર્વ મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તેની તપાસ કરી નિયમભંગ થયો હોય તો જવાબદારો સામે ખાતાકીય અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાપી જિલ્લા શિક્ષણાધિકારીને કરાયેલી લેખિત રજૂઆત સાથે જે-તે સમયે યોજાયેલા કાર્યક્રમ દરમિયાનના ફોટોગ્રાફ્સ સહિતના પુરાવા પણ જોડવામાં આવ્યા છે. ત્યારે આ બાબતે યોગ્ય તપાસ થશે કે નહીં તે જોવું રહ્યું.

## વ્યારામાં બાઈક અડફેટે વૃદ્ધનું મોત

વ્યારા: વ્યારાના કાટીસકૂવા દૂર ગામે ૬૭ વર્ષીય જરાસિંગ ચૌધરીને બાઈક નં.(GJ 19 AR 9297)ના ચાલકે ટક્કર મારી હતી. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું ૧૨ ઓગસ્ટે સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે કાકરાપાર પોલીસે વાલોડના દામોદલાના બાઈક ચાલક વૃંદકુમાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વ્યારા સહિત જિલ્લામાં ઝરમરિયો વરસાદ વરસ્યો

વ્યારા: તાપી જિલ્લામાં વ્યારા સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં ગતરોજ સવારથી જ દિવસભર ઝરમરીયો વરસાદ વરસ્યો હતો. જેને કારણે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. લાંબા વિરામ બાદ જિલ્લામાં ઝરમરિયો વરસાદ પડતાં લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી.

## બારડોલીના ઉતારામાં આતંક મચાવનાર દીપડો પાંજરે પુરાયો

બારડોલી: બારડોલીના ઉતારા ગામમાં રોહિત રબારીના કોઢારમાં વાછરડાનો શિકાર કરનાર દીપડો આખરે વનવિભાગના પાંજરામાં કેદ થઈ ગયો છે. મારણની લાલચે દીપડો ઝડપાઈ જતાં સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.


**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૦૦/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૪/૦૮/૨૦૨૬

વાદી: દિપીકાબેન જયંતિલાલ પટેલ, રહે. ઘર નં.૭૩૧, નવા ફળીયા, પુણાગામ, ચોર્યાસી, સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી બગુમરા બગુમરા ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી દિપીકાબેન જયંતિલાલ પટેલ, રહે. ઘર નં.૭૩૧, નવા ફળીયા, પુણાગામ, ચોર્યાસી, સુરતનો જન્મ તા.20/04/1974 ના રોજ બગુમરા, તા.પલસાણા, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૫/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ



Milano MULTIPLEX

બારડોલી

Spider-Man:Brand New Day-2D
12:00pm, 03:00pm

Awarapan 2
11:00am, 02:00pm, 05:00pm, 09:00pm, 10:00pm

Batwara 1947
10:00am, 01:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**વેચાણ અંગેની જાહેર નોટીશ**

આથી જાહેર ચેતવણી રૂપે જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ : **(૧) વાંસોલી તા. માંગરોલ, જી. સુરતના જુનો બ્લોક નંબર : ૭૬, નવો બ્લોક નંબર : ૫૧, ખાતા નંબર : ૨૬૩ વાળી જુની શરતની ખેતીની જમીનનું કુલ ક્ષેત્રફળ : ૧-૨૦-૨૩ ચો.મી. તથા આકાર રૂા. ૭-૯૮ પૈસા તથા (૨) મોજે ગામ : લુવારા, તા. માંગરોલ, જી. સુરતના જુનો બ્લોક નંબર : ૫૩૨, નવો બ્લોક નંબર : ૬૨૧, ખાતા નંબર : ૬૨૭ વાળી જુની શરતની ખેતીની જમીનનું કુલ ક્ષેત્રફળ : ૦-૪૫-૨૦ ચો.મી. તથા આકાર રૂા. ૨-૨૧ પૈસા વાળી ખેતીની જમીનના માલીક યુસુફ મહમદ સિદાત** ના સ્વતંત્ર નામે રેવન્યુ દફતરે ચાલી આવેલ છે. સદરહું જમીનના માલીક પાસેથી અમારા અસીલ નામે **ભાવેશભાઈ રાઘવભાઈ વેકરીયા** સદર જમીન વેચાણ લેવા માંગતા હોય, અને અમારા અસીલના નામનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેનાર છે. જેથી ઉપર જણાવેલ ખેતીની જમીનમાં અન્ય કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક-હિસ્સો, હિત-સબંધ યા લીયનના હકકો અન્ય કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હકકો યા બેંક મંડળી, સંસ્થા વિગેરેના બોજા ચાર્જ, લેણું હોય યા વેચાણ રાખેલ હોય તો પણ અન્ય ત્રાહિત વ્યક્તિઓએ વેચાણ વિરૂધ્ધ કોઈને વાંધો હોય તો તેમણે લેખીત પુરાવા સહીત યા નોટીશ **પ્રસિધ્ધીથી દિન-૧૦** માં અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી જો મજકુર મુદ્દતમાં તેવા કોઈ હક વાંધો રજુ થશે નહી, તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે. યાને રાઈટસ વેવ કર્યા છે. તેવું માની મજકુર જમીનના માલીક પાસેથી અમારા અસીલ સદર ખેતીની જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈના કોઈપણ વાંધા કે તકરાર ચાલશે નહી. જેની નોંધ લેશોજી. **તારીખ : ૧૨/૦૮/૨૦૨૬, સ્થળ : માંગરોલ**

**કિરણસિંહ આઈ. પરમાર** - એડવોકેટ એન્ડ નોટરી

મુ.પો. નંદાવ, રજપૂત ફળીયુ, તા. માંગરોલ, વાયા : હથુરણ, જી. સુરત.-પીન-૩૯૪૧૨૫

મો.નં. 89808 90536